અપીલ અરજી નં.૩૬૮ તા.૨૦–૧–૧૦

અરજદારઃ શ્રી જગતનારાયણ શર્મા
સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ,ઉધનાઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી જગતનારાયણ શર્મા ક્રાંતિ ક્રાઈમ ન્યુઝ ની તા.૧૧–૧૨–૦૯ ની અરજીથી (૧) ના.આ.અધિકારી ડો.ભટ્ટ જયારથી ઉધના ઝોનનો ચાર્જ સંભાળ્યો ત્યારથી લઈને અત્યાર સુધીમાં કુલ કેટલી સંસ્થાઓને આરોગ્ય તથા ફુડના લાયસન્સ આપ્યા તારીખ સહિતની વિગતવાર માહિતી આપશો. (૨) આ સમયગાળા દરમ્યાન આરોગ્ય તથા ફુડના લાયસન્સ વિના ચાલતી એવી સંસ્થાઓ (હોટલ, બેકરી, ઔદ્યોગિક સંસ્થાઓ સહિતની) કે જેને આરોગ્ય કે ફુડના લાયસન્સ હોવા છતાંય વિના લાયસન્સે ધમધમતી હોય એવી કેટલી સંસ્થાઓની ના.આ.અધિકારી ડો.ભટ્ટે કે તેમના સ્ટાફે વિઝીટ લીધેલી છે? વિઝીટ દરમ્યાન તેઓએ કરેલ કાર્યવાહીની વિગતવાર માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૦–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૬૮/૨૦૦૯–૧૦

શ્રી જગતનારાયણ શર્મા ક્રાંતિ ક્રાઈમ ન્યુઝ ની તા.૧૧–૧૨–૦૯ ની અરજીથી (૧) ના.આ.અધિકારી ડો.ભટ્ટ જયારથી ઉધના ઝોનનો ચાર્જ સંભાળ્યો ત્યારથી લઈને અત્યાર સુધીમાં કુલ કેટલી સંસ્થાઓને આરોગ્ય તથા ફુડના લાયસન્સ આપ્યા તારીખ સહિતની વિગતવાર માહિતી આપશો. (૨) આ સમયગાળા દરમ્યાન આરોગ્ય તથા ફુડના લાયસન્સ વિના ચાલતી એવી સંસ્થાઓ (હોટલ, બેકરી, ઔદ્યોગિક સંસ્થાઓ સહિતની) કે જેને આરોગ્ય કે ફુડના લાયસન્સ હોવા છતાંય વિના લાયસન્સે ધમધમતી હોય એવી કેટલી સંસ્થાઓની ના.આ.અધિકારી ડો.ભટ્ટે કે તેમના સ્ટાફે વિઝીટ લીધેલી છે? વિઝીટ દરમ્યાન તેઓએ કરેલ કાર્યવાહીની વિગતવાર માહિતી આપવા બાબતે એપેલેટ ઓફિસરને તા.૨૦–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જેની નકલ સામેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા બાબત હેઠળની કામગીરી માટેના લાગત સ્ટાફની ડાયરીની તેની વિગતોના નિર્દિષ્ટ મુદ્દાનો સંદર્ભ ધરાવા પાનાની નકલોની વિગત પણ મોકલવા પત્ર નં .આરટીઆઈ સેલ/૧૨૩૪ તા.૩૦–૧–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તથા અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી મળેલ નથી? કે મળ્યા સામે નારાજગી છે? અને કઈ વિગતે? તે સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તથા અરજદાર તરફથી કોઈ માહિતી અત્રેના વિભાગને પહોંચતી કરવામાં આવેલ નથી. તેમજ માહિતીના ઈન્કાર માટે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ કોઈ અપવાદ ઈન્કાર માટે જણાવેલ નથી.

અરજદારની તા.૧૧–૧૨–૦૯ ની અરજીથી (૧) ના.આ.અધિકારી ડો.ભટ્ટ જયારથી ઉધના ઝોનનો ચાર્જ સંભાળ્યો ત્યારથી લઈને અત્યાર સુધીમાં કુલ કેટલી સંસ્થાઓને આરોગ્ય તથા ફુડના લાયસન્સ આપ્યા તારીખ સહિતની વિગતવાર માહિતી આપશો. (૨) આ સમયગાળા દરમ્યાન આરોગ્ય તથા ફુડના લાયસન્સ વિના ચાલતી એવી સંસ્થાઓ (હોટલ, બેકરી, ઔદ્યોગિક સંસ્થાઓ સહિતની) કે જેને આરોગ્ય કે ફુડના લાયસન્સ હોવા છતાંય વિના લાયસન્સે ધમધમતી હોય એવી કેટલી સંસ્થાઓની ના.આ.અધિકારી ડો.ભટ્ટે કે તેમના સ્ટાફે વિઝીટ લીધેલી છે? વિઝીટ દરમ્યાન તેઓએ કરેલ કાર્યવાહીની વિગતવાર માહિતી આપવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી આપેલ જણાતી નથી. અરજદારે અપીલ અરજીમાં નારાજગી અંગેનું કોઈ કારણ જણાવેલ નથી. તેમજ અરજદારને પત્ર ધ્વારા જણાવવા છતાં કોઈ આધાર કે વાજબીપણું રજુ કરેલ નથી.

આરટીઆઈ કાયદાના આમુખથી ચરિતાર્થ થયેલ પારદર્શિતા અને જવાબદારીને ઉત્તેજન આપવાના ઉદ્દેશો સાથે લોકશાહી પધ્ધતિમાં સુમાહિતગાર નાગરિકોની અનિવાર્યતાને અનુલક્ષી અધિકારી/કર્મચારીઓએ બજાવેલ ફરજને લગતી માહિતી ચોકકસ અપવાદ હેઠળ આવતી હોય તે સિવાય જાહેર કરવા પાત્ર થાય.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૧૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલ ન હોય આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭માં અરદારને પુરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૨ –૧૦.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી જગતનારાયણ શર્મા ,